ડી.એલ.એડ (પી.ટી.સી.)ના વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા કેન્દ્રિયકૃત અને ઓનલાઈન પ્રવેશ પદ્ધતિથી કરવા બાબત.

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
સચિવાલય, ગાંધીનગર
03 FEB 2026
આવક નં.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ- ED/OTH/e-file/3/2025/7227/N

સચિવાલય, ગાંધીનગર

તા. /૦૧/૨૦૨૬

<u>વંચાણે લીધા:-</u>

(૧) શિક્ષણ વિભાગનો તા.૦૨/૦૭/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ-ટીસીએમ/૧૪૧૨/૭૦૨/ન

(૨) શિક્ષણ વિભાગનો તા.૩૦/૦૬/૨૦૨૨નો ઠરાવ ક્રમાંકઃ ટીસીએમ/૧૪૧૨/૭૦૨/ન

(3) પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીની સિંગલ ઈ-ફાઈલ તા.૨૦/૧૨/૨૦૨૫ની ક્રમાંક- DPE/PLAN/e-file/105/2025/6242/plan

<u>પ્રસ્તાવના:-</u>

વંચાણે લીધેલ સંદર્ભ (૧) પર વિભાગના તા.૦૨/૦૭/૨૦૧૨ ના ઠરાવથી પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા (D.El.Ed.) (તત્કાલીન પી.ટી.સી.) માટે પ્રવેશ અંગેના નિયમો બહાર પાડેલ હતા. પી.ટી.સી. કોલેજો અને વિધ્યાર્થીઓની સંખ્યા ઘટતા ડી.એલ.એડ અભ્યાસમાં પ્રવેશ પ્રક્રિયા વિકેંદ્રીત અને ઓનલાઈનના બદલે ઓફલાઈન કરી જે તે સંસ્થા સીધે- સીધો પ્રવેશ આપી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી પાસે પ્રમાણિત કરાવી લેવાની જોગવાઈ કરવામાં આવેલ છે. અને તેની શરત- ૬ મુજબ જ્યારે જરૂર જણાય ત્યારે પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન કરવા અંગે નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ કચેરીએ જરૂરી દરખાસ્ત શિક્ષણ વિભાગને કરવાની રહેશે તેમ વંચાણે લીધેલ સંદર્ભ (૨) મુજબ વિભાગના તા.૩૦/૦૬/૨૦૨૨ના ઠરાવથી જોગવાઈ કરેલ છે. વંચાણે લીધેલ સંદર્ભ (3)થી પ્રા.શિ.નિ. કચેરીની સિંગલ ફાઈલથી આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી પ્રવેશની કામગીરી પુનઃ કેન્દ્રિયકૃત અને ઓનલાઈન પ્રવેશ પદ્ધતિથી કરવા અંગેની દરખાસ્ત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.

<u>સુધારા ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાને અંતે વંચાણે લીધા સંદર્ભ(૨) પરના શિક્ષણ વિભાગના તા.૩૦/૦૬/૨૦૨૨ના સુધારા ઠરાવની જોગવાઈઓ રદ કરી વંચાણે લીધા સંદર્ભ(૧) પરના શિક્ષણ વિભાગના તા.૦૨/૦૭/૨૦૧૨ના ઠરાવ મુજબ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી પ્રવેશની કામગીરી પુનઃ કેન્દ્રિયકૃત અને ઓનલાઈન પધ્ધતિથી કરવા આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હેતલ સચાણીયા)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવ, સચિવાલય, ગાંધીનર
2. માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, બ્લોક-૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

4. નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટીની કચેરી, વિદ્યાભવન, ગાંધીનગર
5. તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની, કચેરી મારફત)
6. સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified

Signed by:Hetal A sachaniya
Section Officer
Date:2026.01.27
15:44:23 +5:30